# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

******************************************************

1) પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર વેગવાન બન્યો - રાજકીય પક્ષો દ્વારા યોજાયેલ રેલીઓમાં ટોચના નેતાઓનું સંબોધન.

2) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે UAEના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશમંત્રી સાથે વર્તમાન પ્રાદેશિક પરિસ્થિતિ અને તેના પરિણામો અંગે ચર્ચા કરી.

3) પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાન વચ્ચે 21 કલાકની વાટાઘાટો કોઈ પણ નિર્ણય કે કરાર વિના સમાપ્ત થઈ.

4) બિહારના કટિહાર જિલ્લામાં એક માર્ગ અકસ્માતમાં 13 લોકોના મોત, અનેક લોકો ઇજાગ્રસ્ત - રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીએ દુર્ઘટના અંગે દુખ વ્યક્ત કર્યું.

5) ભારતના સુજીત કલકલ અને અભિમન્યુ મંડવાલે કિર્ગિસ્તાનમાં રમાઈ રહેલી એશિયન કુશ્તી ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રકો જીત્યા.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MORN. WB-ELECTION CAMAPIGN

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર વેગવંતો બન્યો છે. મુખ્ય રાજકીય પક્ષોના ટોચના નેતાઓ વિવિધ જિલ્લાઓમાં રેલીઓને સંબોધિત કરી રહ્યા છે.

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતાઅને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે ૧૧ વાગ્યે સિલિગુડીના કવાખલીમાં જાહેર રેલીને સંબોધિત કરશે. જ્યારે તૃણમૂલ કોંગ્રેસના અખિલ ભારતીય મહાસચિવ અભિષેક બેનર્જી હુંગાલીમાં જાહેર રેલી કરશે.

દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે કટવા, જાંગીપુર અને કુષ્મંડીમાં ત્રણ રેલીઓને સંબોધિત કરી હતી. તેમણે કહ્યું રાજ્યમાં તુષ્ટિકરણની રાજનીતિનો અંત લાવવા માટે સમાન નાગરિક સંહિતા લાગુ કરવામાં આવશે. શ્રી મોદીએ ભાજપ સત્તામાં આવશે તો તેમણે પારદર્શક વહીવટનું વચન આપ્યું હતું.

પુરુલિયા અને બાંકુરામાં જાહેર રેલીઓને સંબોધતા ભાજપના વરિષ્ઠ નેતા અને ગૃહમંત્રી  અમિત શાહે બંગાળમાં ઘૂસણખોરીનો ઉલ્લેખ કરી કહ્યું હતું કે સત્તામાં આવ્યાના 45 દિવસમાં સરહદો પર કાંટાળા તારની વાડ બનાવવા માટે જમીન ફાળવાશે. તેમણે રાજ્યના ખેડૂતો, અપંગો, વૃદ્ધો અને વિધવાઓ માટે સીધા લાભ ટ્રાન્સફરનું પણ વચન આપ્યું હતું. દરમિયાન તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીએ બાંકુરા, પશ્ચિમ મિદનાપુર અને ઝારગ્રામમાં જાહેર રેલીઓને સંબોધિત કરી. તેમણે લોકોને તેમના પર વિશ્વાસ રાખવા અને ટીએમસીને મત આપવા અનુરોધ કર્યો હતો.

# MORN. JAISHANKAR UAE

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સંયુક્ત આરબ અમીરાતની બે દિવસની મુલાકાતે છે. ડૉ. જયશંકરે ગઈકાલે UAEના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશમંત્રી શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે મુલાકાત કરી અને વર્તમાન પ્રાદેશિક પરિસ્થિતિ અને તેના પરિણામો અંગે ચર્ચા કરી હતી.

વિદેશ મંત્રીએ ભારતીય સમુદાયની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરવામાં UAE સરકારના સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. બંને પક્ષોએ સહકારની સમીક્ષા કરી અને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા અંગે વિચારણા કરી હતી.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ડૉ. જયશંકરની મુલાકાત કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીની અખાતી દેશોની મુલાકાત સાથે પશ્ચિમ એશિયામાં વર્તમાન પ્રાદેશિક પરિસ્થિતિ વચ્ચે ઊર્જા સુરક્ષાને મજબૂત બનાવવાના ભારતના પ્રયાસોનો એક ભાગ છે.

# SONOWAL- LPG VESSEL

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું છે કે ભારતીય ધ્વજવાળું  જહાજ જગ વિક્રમ સફળતાપૂર્વક પર્સિયન ખાડીમાંથી પસાર થઈ ગયું છે. જેમાં 24 ભારતીય ક્રૂ સભ્યો છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી સોનોવાલે જણાવ્યું હતું કે આ જહાજમાં 20 હજાર 412 મેટ્રિક ટન LPGનો જથ્થો છે. જહાજ 15 એપ્રિલ સુધીમાં ભારતમાં પહોંચવાની અપેક્ષા છે.

## FUEL EXPORT DUTY

સરકારે ડીઝલ પર નિકાસ ડ્યુટી સાડા એકવીસ રૂપિયા પ્રતિ લિટરથી વધારીને સાડા પંચાવન રૂપિયા પ્રતિ લિટર કરી છે. નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે એવિએશન ટર્બાઇન ફ્યુઅલ પરની ડ્યુટી પણ સદા ઓગણત્રીસ રૂપિયા પ્રતિ લિટરથી વધારીને બેતાલીસ રૂપિયા પ્રતિ લિટર કરવામાં આવી છે. દરમિયાન પેટ્રોલ પર નિકાસ ડ્યુટી શૂન્ય રહેશે.

## REV. MORN. IRAN US TALKS

પાકિસ્તાનના પાટનગર ઇસ્લામાબાદમાં લગભગ 21 કલાકની વાટાઘાટો પછી અમેરિકા અને ઇરાન વચ્ચેની વાટાઘાટો કોઈ કરાર વિના સમાપ્ત થઈ ગઈ છે. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સે જણાવ્યું કે ચર્ચાઓ મહત્વપૂર્ણ હતી પરંતુ કોઈ કરાર થયો નથી.

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ કહ્યું કે મતભેદનું મૂળ વોશિંગ્ટનની તેહરાન તરફથી સ્પષ્ટ અને લાંબા ગાળાની પ્રતિબદ્ધતાની માંગ છે કે શસ્ત્રીકરણ તરફ લઇ જનારી પરમાણુ શસ્ત્રો અથવા ક્ષમતાઓને પડતી મૂકે. તેમણે કહ્યું કે અમેરિકાએ તેના અભિગમને સકારાત્મક અને સદભાવના પૂર્ણ વર્ણવ્યો હતો, પરંતુ ઇરાને પ્રસ્તાવિત શરતો સ્વીકારી નથી. તેમણે ઉમેર્યું કે હવે ઇરાન સમક્ષ અંતિમ અને

શ્રેષ્ઠ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે અને વોશિંગ્ટન તેહરાનના પ્રતિભાવની રાહ જોઈ રહ્યું છે.

ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઇરાનની સરકાર દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરાયેલા અગાઉના નિવેદનમાં, તેહરાને સંકેત આપ્યો હતો કે કેટલાક મતભેદો વણઉકેલાયેલા હોવા છતાં પણ વાતચીત ચાલતી રહેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# MORN. BIHAR ACCIDENT

બિહારના કટિહાર જિલ્લામાં એક ગમખ્વાર માર્ગ અકસ્માતમાં 13 લોકોના મોત થયા છે અને અનેક લોકો ઇજાગ્રસ્ત થયા છે. ગઈકાલે મોડી સાંજે રાષ્ટ્રીય ધોરીમાર્ગ 31 પર કોઢા બ્લોકના બસગઢા ચોક પાસે એક બસ એક પિકઅપ ટ્રક સાથે અથડાઈ હતી. આ ઘટનામાં એક મોટરસાઇકલ સવારનું પણ મોત નીપજ્યું

હતું. તમામ ઇજાગ્રસ્તોને સારવાર માટે કોઢા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને પૂર્ણિયા મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યા હતા.

સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર ઝારખંડમાં ધાર્મિક વિધિ પૂર્ણ કર્યા બાદ શ્રદ્ધાળુઓનું એક જૂથ પિકઅપ ટ્રકમાં પૂર્ણિયા પરત ફરી રહ્યું હતું.

મુખ્યમંત્રી નીતિશ કુમારે આ માર્ગ અકસ્માતમાં થયેલા જાનમાલના નુકસાન અંગે ઊંડી સંવેદના વ્યક્ત કરી. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતાં મુખ્યમંત્રીએ મુખ્યમંત્રી રાહત ભંડોળમાંથી મૃતકોના પરિવારોને બે લાખ રૂપિયાની સહાય અને ઇજાગ્રસ્તોને પચાસ હજાર રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી છે.

## PREZ/VP/PM - CONDOLENCES KATIHAR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિહારના કટિહાર જિલ્લામાં થયેલા માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિ મુર્મુએ આ ઘટનાને ખૂબ જ દુઃખદ ગણાવી. તેમણે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઘાયલોના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી છે. ઉપરાષ્ટ્રપતિએ પણ એક પોસ્ટમાં પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઘાયલોના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ અકસ્માતને ખૂબ જ દુ:ખદ ગણાવ્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ પોતાના પ્રિયજનો ગુમાવનારાઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઘાયલોના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી છે.

પ્રધાનમંત્રીએ દરેક મૃતકના પરિવારને રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયાની અને ઇજાગ્રસ્તોને પચાસ હજાર રૂપિયાની સહાય જાહેર કરી છે.

## CHEETAH- BIRTH KUNO NATIONAL PARK

મધ્યપ્રદેશના કુનો રાષ્ટ્રીય ઉદ્યાનમાં ભારતમાં જન્મેલી માદા ચિત્તાએ જંગલમાં ચાર બચ્ચાને જન્મ આપ્યો છે. પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે આ ઘટનાને દેશના ચિત્તા સંરક્ષણ અભિયાનમાં એક ઐતિહાસિક સિદ્ધિ ગણાવી હતી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી યાદવે જણાવ્યું હતું કે ભારતમાં જન્મેલી આશરે 25 મહિનાની માદા ચિત્તા ગામિની-કેજીપી બારે કુદરતી પરિસ્થિતિઓમાં ચાર બચ્ચાને જન્મ આપ્યો છે. તેમણે કહ્યું કે 2022 માં પ્રોજેક્ટ ચિત્તા શરૂ થયા બાદ જંગલમાં આ પ્રથમ રેકોર્ડ જન્મ છે.

## MORN. WRESTLING-ASIAN C'SHIPS

કિર્ગિસ્તાનના બિશ્કેકમાં ગઈકાલે એશિયન કુશ્તી ચેમ્પિયનશિપમાં ભારતના સુજીત કલકલ અને અભિમન્યુ મંડવાલે સુવર્ણ ચંદ્રકો જીત્યા હતા.

સુજીતે 65 કિલોગ્રામ ફ્રીસ્ટાઇલ કેટેગરીમાં ઉઝબેકિસ્તાનના ઉમિદજોન જાલોલોવને 8-1થી હરાવ્યો હતો. અભિમન્યુએ 70 કિલોગ્રામ કેટેગરીમાં મોંગોલિયના તોમોર-ઓચિરીન તુલ્ગાને 5-3થી હરાવ્યો હતો. અમન સેહરાવત 61 કિલોગ્રામ કેટેગરીની ફાઇનલમાં પહોંચી ગયો છે. તેનો મુકાબલો કોરિયાના ક્વાંગ

મ્યોંગ કિમ સામે થશે. મુકુલ દહિયાનો મુકાબલો 86 કિલોગ્રામ કેટેગરીની ફાઇનલમાં ઈરાનના કામરાન ગસેમપુર સામે થશે. ભારતની ચંદ્રકોની સંખ્યા હવે 14 થઈ ગઈ છે, જેમાં બે સુવર્ણ અને ચાર રજત ચંદ્રકોનો સમાવેશ થાય છે.

---------------------------------------------------

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજે મોટાભાગના અખબારોએ ઈરાન અમેરિકા વચ્ચે થઇ રહેલી વાટાઘાટોના સમાચાર પ્રથમ પાને છાપ્યા છે,
- નવગુજરાત સમય લખે છે, ઈરાન –અમેરિકા વાંચે હકારાત્મક સૂરમાં મંત્રણા શરૂ:હોર્મુઝ મુદ્દે મડાગાંઠ જારી
- દિવ્ય ભાસ્કર લખે છે, વાટાઘાટોના ટેબલ પર પણ ઈરાન દમદાર, ચાર શરતો પર અડગ, હોર્મુઝ પર હક મુખ્ય
- સંદેશ લખે છે, ૧૫ વર્ષ પછી યુએસ –ઈરાન વચ્ચે સીધી વાટાઘાટો
- આ ઉપરાંત, ગાયિકા આશા ભોંસલેના નાદુરસ્ત તબિયત અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ૩૩ હજારથી વધારે ફોર્મ ભરાયાના સમાચારો વાંચવા મળી રહ્યા છે.